# પંજાબના જલંધર અને અમૃતસરમાં 3 કલાકના અંતરે બે બોમ્બ વિસ્ફોટ

**પ્રથમ** વિસ્ફોટ મંગળવારે રાત્રે 8 વાગ્યે જલંધર BSF હેડક્વાર્ટર બહાર અને બીજો વિસ્ફોટ રાત્રે 11 વાગ્યે અમૃતસર આર્મી કેન્ટોનમેન્ટ નજીક થયો

**જલંધર** વિસ્ફોટની જવાબદારી ખાલિસ્તાન લિબરેશન આર્મીએ સ્વીકારી

**પંજાબ** પોલીસને અમૃતસર વિસ્ફોટ પાછળ પાકિસ્તાની એજન્સી ISIના ષડયંત્રની આશંકા



ચંદીગઢ, તા. 6 (પીટીઆઈ): પંજાબમાં મંગળવારે રાત્રે સુરક્ષા સંસ્થાઓની નજીક થયેલા બે શ્રેણીબદ્ધ વિસ્ફોટોએ સમગ્ર રાજ્યમાં ગભરાટ ફેલાવ્યો છે. પ્રથમ વિસ્ફોટ જલંધરમાં બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના પંજાબ ફ્રન્ટિયર હેડક્વાર્ટરની બહાર મંગળવારની રાત્રે 8 વાગ્યે થયો હતો, જ્યારે બીજો વિસ્ફોટ રાત્રે 11 વાગ્યાની આસપાસ અમૃતસરના ખાસા સ્થિત આર્મી કેન્ટોનમેન્ટની સરહદી દીવાલ પાસે થયો હતો. સદભાગ્યે, આ બંને ઘટનાઓમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

અમૃતસર ગ્રામીણ એસએસપી સુહેલ મીર કાસિમે જણાવ્યું કે પ્રાથમિક તપાસ મુજબ કોઈ અજાણ્યા શખ્સે દીવાલ તરફ વિસ્ફોટક ફેંક્યો હતો, જેના કારણે જોરદાર અવાજ સાથે ધડાકો થયો અને દીવાલ પરની ટીન શીટનો ટુકડો નીચે પડ્યો. ફોરેન્સિક અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે ઘટનાસ્થળેથી નમૂના એકત્ર કર્યા છે. બીજી બાજુ, જલંધરની ઘટનામાં બીએસએફ ગેટ પાસે પાર્ક કરેલા એક સ્કૂટરમાં વિસ્ફોટ બાદ આગ લાગી હતી, જેના કારણે ટ્રાફિક સિગ્નલ અને નજીકની દુકાનોના કાચને નુકસાન થયું હતું. આ સ્કુટર પાર્સલ ડીલવીરી કરનાર ગુરપ્રીત સિંહનું હતું.

પંજાબના ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું કે અમૃતસરનો વિસ્ફોટ ઓછી તીવ્રતાનો હતો અને આજે ઓપરેશન સિંદૂરની વર્ષગાંઠ હતી આ કારણથી અમે અંદાજો લગાવીએ છીએ કે તેમાં પાકિસ્તાનની આઈએસઆઈનો હાથ હોવાની શંકા છે. જલંધર વિસ્ફોટ માટે 'ખાલિસ્તાન લિબરેશન આર્મી' (કેએલએફ) એ જવાબદારી સ્વીકારી છે, જેની પોલીસ અત્યારે ચકાસણી કરી રહી છે.

આ ઘટનાઓ બાદ વિરોધ પક્ષોએ આમ આદમી પાર્ટીની સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. શિરોમણી અકાલી દળના અધ્યક્ષ સુખબીર સિંહ બાદલ અને કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમરિન્દર સિંહ રાજા વરિંગે મુખ્યમંત્રી ભગવંત માન પર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહેવાનો આક્ષેપ કર્યો છે. તેઓએ આ ઘટનાઓને પંજાબની શાંતિ ડહોળવાનો પ્રયાસ ગણાવી ઇન્ટેલિજન્સ નિષ્ફળતા અંગે સવાલો ઉઠાવ્યા છે. અગાઉ 27 એપ્રિલે પટિયાલામાં પણ રેલવે ટ્રેક પર વિસ્ફોટ થયો હતો, જેમાં પોલીસે આઈએસઆઈ સમર્થિત મોડ્યુલના ચાર સભ્યોની ધરપકડ કરી હતી.

# મીડિયા ક્રાંતિના પ્રણેતા ટેડ ટર્નરનું 87 વર્ષની વયે નિધન

**24-કલાક** ન્યૂઝ સાઇકલના સર્જક હતા, CNN દ્વારા બદલી નાખી હતી સમાચારની દુનિયા



ન્યૂયોર્ક, તા. 6: ટેડ ટર્નર, જે મીડિયા ઉદ્યોગસાહસિક હતા અને જેમણે સીએનએનની શરૂઆત કરી તેમજ 24-કલાક ટેલિવિઝન ન્યૂઝ મોડેલના પ્રણેતા હતા, તેમનું 87 વર્ષની વયે અવસાન થયું છે. એમ ટર્નર એન્ટરપ્રાઈઝના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. ટર્નર દ્વારા સીએનએનની સ્થાપનાથી સમાચાર કેવી રીતે પહોંચાડવામાં આવે છે અને જોવામાં આવે છે તેમાં એક વળાંક સાબિત થયો, જેમાં એક એવું ફોર્મેટ રજૂ કરવામાં આવ્યું જેણે વિશ્વભરના ઘરોમાં વૈશ્વિક ઘટનાઓનું જીવંત અને સતત કવરેજ પહોંચાડ્યું. જેની શરૂઆત એક જોખમી વિચાર તરીકે થઈ હતી તે અંતે આધુનિક મીડિયાનું એક નિર્ણાયક લક્ષણ બની ગયું. પોતાની સ્પષ્ટવક્તા શૈલી માટે જાણીતા ટર્નરે એક મીડિયા સામ્રાજ્ય ઊભું કર્યું જે સમાચારથી પણ આગળ વિસ્તર્યું હતું.

તેમના સાહસોમાં કેબલનું પ્રથમ સુપરસ્ટેશન, તેમજ ફિલ્મો અને કાર્ટૂન પર કેન્દ્રિત મનોરંજન ચેનલોનો સમાવેશ થાય છે. તેઓ એટલાન્ટા બ્રેવ્સ સહિતની મુખ્ય સ્પોર્ટ્સ ફ્રેન્ચાઈઝીના માલિક પણ હતા.



» દક્ષિણ કોરિયાના સિઓલમાં હાન નદીના કિનારે આવેલા પાર્કમાં 'સ્ટાર વોર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાત્રિના આકાશમાં સ્ટાર વોર્સ થીમ આધારિત ડ્રોન શોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સેંકડો ડ્રોન્સે આકાશમાં અદભૂત આકૃતિઓ રચી હતી.

# આસામ, પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીમાં અનામત બેઠકો પર ભાજપ-એનડીએનો ભવ્ય વિજય

**અનામત** મતવિસ્તારો ભાજપ માટે એક નિર્ણાયક ચૂંટણી સ્તંભ બની ગયા

નવી દિલ્હી, તા. 6 (PTI): ભારતીય જનતા પાર્ટી (બીજેપી) અને તેના સાથી પક્ષોએ આસામ અને પશ્ચિમ બંગાળમાં હાલમાં જ પૂર્ણ થયેલી વિધાનસભા ચૂંટણીઓમાં અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો છે અને એનડીએ ભાગીદારોએ તમિલનાડુ અને પુડુચેરીમાં પણ મજબૂત પ્રદર્શન કર્યું છે. આસામમાં ભાજપ અને તેના ગઠબંધન ભાગીદારોનું પ્રદર્શન અનામત મતવિસ્તારોમાં મજબૂત એકત્રીકરણ દર્શાવે છે. કારણ કે, નવ એસસી અનામત મતવિસ્તારોમાંથી ભાજપે પાંચ બેઠકો જીતી અને એનડીએ ભાગીદાર એજીપીએ ત્રણ બેઠકો જીતી. માત્ર એક બેઠક કોંગ્રેસના ફાળે ગઈ.

આસામમાં 18 એસટી અનામત મતવિસ્તારો છે અને તે તમામ એનડીએએ કબજે કર્યા છે - જેમાંથી 13 ભાજપ દ્વારા અને પાંચ એનડીએ ભાગીદાર બીપીએફ દ્વારા જીતવામાં આવ્યા છે. એક સામાન્ય બેઠક અન્ય એનડીએ સાથી પક્ષ એજીપીના આદિવાસી ઉમેદવાર દ્વારા જીતવામાં આવી હતી. પરિણામો દર્શાવે છે કે, એસસી અને એસટી મતદારોનું ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ તરફ સ્પષ્ટ એકત્રીકરણ થયું છે, જેનાથી અનામત મતવિસ્તારો એક નિર્ણાયક ચૂંટણી સ્તંભ બની ગયા છે. સૂત્રોએ કહ્યું હતું કે, મતવિસ્તારોના સીમાંકને માળખાગત ભૂમિકા ભજવી હતી, જેમાં સ્વદેશી અને આદિવાસી-અનામત મતવિસ્તારોનું મહત્ત્વ 16થી વધીને 19 અને એસસી અનામત મતવિસ્તારોમાં આઠથી વધીને નવ થઈ ગઈ છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, બીપીએફ જેવા સાથી પક્ષો દ્વારા મજબૂત આદિવાસી એકત્રીકરણ અને ઉપલા આસામ તથા પહાડી વિસ્તારોમાં ભાજપના વિસ્તરણ સાથે મળીને એનડીએ દ્વારા એસટી બેઠકો પર લગભગ સંપૂર્ણ નિયંત્રણ સુનિશ્ચિત કર્યું હતું.

# ઈરાન યુદ્ધને પગલે અમેરિકામાં પેટ્રોલ 50% મોંઘું થયું

**માત્ર** છેલ્લા સાત દિવસમાં જ ભાવમાં 31 સેન્ટનો વધારો નોંધાયો

વોશિંગ્ટન, તા. 6: અમેરિકામાં ઈરાન યુદ્ધ શરૂ થયા બાદ ઈંધણના ભાવમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. અહેવાલો મુજબ, અમેરિકામાં પેટ્રોલની સરેરાશ કિંમત વધીને 4.48 ડોલર (આશરે 423 રૂપિયા) પ્રતિ ગેલન પર પહોંચી ગઈ છે, જે માત્ર છેલ્લા એક સપ્તાહમાં 31 સેન્ટનો (આશરે રૂ. 29) વધારો દર્શાવે છે. સંઘર્ષ શરૂ થયો તે પહેલાની સરખામણીમાં અત્યારે ઈંધણના ભાવ આશરે 50 ટકા જેટલા વધારે છે. આ વધારાનું મુખ્ય કારણ હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) બંધ થવાને કારણે વૈશ્વિક તેલ પુરવઠામાં આવેલો અવરોધ છે. ઉલ્લેખનીય છે કે એક ગેલનમાં આશરે 3.785 લિટર હોય છે એટલે લિટર દીઠ કિંમત આશરે રૂ. 112 થાય છે.

વૈશ્વિક તેલ બજારના ઈતિહાસમાં આ સૌથી મોટો પુરવઠા વિક્ષેપ ગણવામાં આવે છે, જેના કારણે એપ્રિલની શરૂઆતમાં કાચા તેલની કિંમત પ્રતિ બેરલ 112 ડોલરથી ઉપર પહોંચી ગઈ હતી. હોર્મુઝ એક સાંકડો જળમાર્ગ છે જ્યાંથી વિશ્વના કુલ કાચા તેલનો પાંચમો ભાગ પસાર થાય છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, સરકાર ગમે તે કહે પરંતુ જ્યાં સુધી આ માર્ગ પર પ્રતિબંધો રહેશે ત્યાં સુધી કિંમતો પર દબાણ ચાલુ રહેશે. આ ઉપરાંત, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ઈરાની તેલની નિકાસ પર રોક લગાવવાના નિર્ણયે પણ ભાવ વધારામાં મહત્વની ભૂમિકા ભજવી છે. નિષ્ણાતો ચેતવણી આપે છે કે જો યુદ્ધનો અંત આવે તો પણ મધ્ય પૂર્વમાં ઊંચા વીમા ખર્ચ અને પુરવઠાના જોખમોને કારણે સામાન્ય સ્થિતિમાં આવતા મહિનાઓ લાગી શકે છે.

## પેજ 3

## મિલિંદ સોમણનો નવો રેકોર્ડ: 60 વર્ષની ઉંમરે યુરોપથી આફ્રિકા સુધી દરિયો તરીને પાર કર્યો



નવી દિલ્હી, તા. 6: ભૂતપૂર્વ સુપરમોડેલ અને અભિનેતા સોમણે ફરી એકવાર કમાલ કરી બતાવી છે. 60 વર્ષની ઉંમરે સોમણે જિબ્રાલ્ટરની સ્ટ્રેટ તરીને એક મુશ્કેલ ઓપન-વોટર સ્વિમ પૂર્ણ કર્યું હતું. મિલિંદે ઇન્સ્ટાગ્રામ પર પોતાની મોટી સિદ્ધિ શેર કરી હતી, જેના કારણે ચાહકો અને ફિટનેસપ્રેમીઓ તરફથી મિલિંદને પ્રશંસાઓ મળી છે. 1 મે, 2026ના રોજ મિલિંદ સોમણે સ્પેનના તારિફાથી મોરોક્કોના દરિયાકાંઠે સ્વિમિંગ કરીને વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ખુલ્લા પાણીના માર્ગોમાંનો એક પૂર્ણ કર્યો હતો. ફિટનેસ પ્રત્યે સમર્પિત સોમણે એક પોસ્ટમાં તેના ચાહકો સાથે આ અનુભવ શેર કર્યો હતો. મિલિંદે પોસ્ટમાં લખ્યું, ''1 મેના રોજ, મેં યુરોપથી આફ્રિકા સુધી તરીને જિબ્રાલ્ટરની સ્ટ્રેટ પાર કરી. સૌથી ટૂંકુ અંતર લગભગ 15 કિમી છે. તે અદ્ભુત અનુભવ હતો.''

## અક્ષય કુમારે વિઝન કરેક્શન માટે આંખની સર્જરી કરાવી



મુંબઈ, તા. 6 પ્રિયદર્શન દ્વારા નિર્દેશિત 'ભૂત બંગલા'ની સફળતાનો આનંદ માણી રહેલા અક્ષય કુમારે તાજેતરમાં દિગ્દર્શક અનીસ બઝમી સાથેના તેના આગામી પ્રોજેક્ટના શૂટિંગ દરમિયાન આંખની સર્જરી કરાવી છે. તેના અવિરત શેડ્યૂલ અને એક વર્ષમાં અનેક ફિલ્મો માટે જાણીતા આ અભિનેતાએ હવે તેના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે બ્રેક લીધો છે. અહેવાલ મુજબ, સૂત્રોએ જણાવ્યું હતું કે, "આ એક નાની સર્જરી હતી જે 6 મે, બુધવારની સવારે કરવામાં આવી હતી. તે વિઝન કરેક્શન (દૃષ્ટિ સુધારણા) માટે હતી. અક્ષય હવે આરામ કરશે અને સાજો થશે. કારણ કે, તેણે અનીસ સાથેની તેની આગામી ફિલ્મનું કેરળમ શૂટિંગ શેડ્યૂલ પણ પૂર્ણ કરી લીધું છે, જેમાં વિદ્યા બાલન અને રાશિ ખન્ના પણ છે."

## આલિયાને ઘેરાયેલી જોઇ રણબીર કપૂર પેપરાઝી પર ભડક્યો



મુંબઈ, તા. 6: બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર ફરી એકવાર વાયરલ વીડિયોને લઈને ચર્ચામાં છે. આ વખતે મામલો ફોટોગ્રાફર્સ સાથે જોડાયેલો છે. મુંબઈમાં ફિલ્મ 'દાદી કી શાદી'ના સ્પેશિયલ સ્ક્રીનિંગ દરમિયાન રણબીર ફોટોગ્રાફર્સ પર નારાજ જોવા મળ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. રણબીર પત્ની આલિયા ભટ્ટ સાથે સ્ક્રીનિંગમાં પહોંચ્યો હતો. આ ઈવેન્ટ તેમની માતા નીતુ કપૂરની ફિલ્મ 'દાદી કી શાદી' માટે રાખવામાં આવી હતી. જેવા બંને વેન્યુની બહાર નીકળ્યા પેપરાઝીએ તેમને ચારે બાજુથી ઘેરી લીધા. વીડિયોમાં ભીડ અને કેમેરાની ધક્કા-મુક્કીથી રણબીર અસહજ દેખાયો હતો. વાયરલ ક્લિપમાં રણબીર પેપરાઝીને પાછળ હટવા અને અંતર જાળવી રાખવા માટે કહેતા જોવા મળી રહ્યો છે.

## રજનીકાંત એમ. કે. સ્ટાલિનને મળ્યા



ચેન્નાઈ, તા. 6 (PTI): સુપરસ્ટાર રજનીકાંતે બુધવારે 2026ની વિધાનસભા ચૂંટણીના પરિણામોની જાહેરાત બાદ અહીં આલવારપેટ સ્થિત ડીએમકે પ્રમુખ એમ. કે. સ્ટાલિનના નિવાસ્થાને તેમની મુલાકાત લીધી હતી.નોંધનીય છે કે, માર્ચમાં ટીવીકે નેતા આધવ અર્જુને દાવો કર્યો હતો કે રજનીકાંત ડીએમકે તરફથી મળેલી ધમકીને કારણે રાજકારણમાં પ્રવેશતા અટકી ગયા હતા. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, અભિનેતાની સિસ્ટમ બદલવાની ઇચ્છા હોવા છતાં તેઓ રાજકીય ક્ષેત્રથી દૂર રહે તે સુનિશ્ચિત કરવા માટે ડીએમકેએ દબાણ કર્યું હતું.

ત્યાર બાદ 17 માર્ચે રજનીકાંતે અર્જુનને વળતો જવાબ આપતો એક પત્ર લખ્યો હતો અને રહસ્યમય રીતે કહ્યું હતું કે, "સમય બોલતો નથી, પરંતુ તે રાહ જુએ છે અને પોતાનો જવાબ આપે છે."



# મલેશિયામાં મેઘતાંડવ

**પેટાલિંગ** જયા અને કુઆલાલમ્પુરના અનેક વિસ્તારોમાં આકસ્મિક પૂર

કુઆલાલમ્પુર, તા. 6: 6 મેના રોજ બપોરે આશરે 3.30 વાગ્યે એક કલાકથી વધુ સમય સુધી પડેલા સતત ભારે વરસાદને કારણે મલેશિયાના પેટાલિંગ જયાના સેક્શન 51એમાં આકસ્મિક પૂર આવ્યું હતું.

20 એપ્રિલના રોજ આ વિસ્તારમાં પૂર આવ્યાના માત્ર બે અઠવાડિયા બાદ આ ઘટના ફરીથી બની છે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક વીડિયોમાં એક વ્યક્તિ પૂરના પાણીમાં તરતી જોવા મળી હતી. પેટાલિંગ જયાના જાલાન 223માં આવેલી એમવે હેડક્વાર્ટરની ઇમારતમાં પણ પૂરનાં પાણી ભરાયાં હોવાના અહેવાલ છે.

અન્ય એક પોર્ટલ પરના અહેવાલ મુજબ, કુઆલાલમ્પુરના જાલાન કુચાઇ લામામાં પણ 6 મેના રોજ ફરીથી પૂર આવ્યું હતું, જે 2022માં તે જ સ્થળે બનેલી ઘટનાનું પુનરાવર્તન છે.

# ઈરાનના શોપિંગ સેન્ટરમાં આગ લાગતાં 8નાં મોત

તેહરાન, તા. 6: ઈરાનના પાટનગર નજીક એક શોપિંગ સેન્ટરમાં લાગેલી આગમાં આઠ લોકોનાં મોત થયાં છે અને 40 લોકો ઈજાગ્રસ્ત થયા છે. એમ તેહરાનના ઈમરજન્સી સર્વિસ વિભાગે બુધવારે જણાવ્યું હતું.

તેહરાન પ્રાંતના અંદીશેહ શહેરમાં આવેલા અર્ઘવન શોપિંગ સેન્ટરમાં મંગળવારે આ આગ લાગી હતી. આગ કયા કારણે લાગી તે હજી સ્પષ્ટ થયું નથી. ઈરાનના સરકારી ટેલિવિઝન આઈઆરઆઈબીએ જણાવ્યું હતું કે, સત્તાવાળાઓ તપાસ કરી રહ્યા છે.

ટેલિવિઝન ફૂટેજમાં ફાયર ફાઈટરો આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા, જ્યારે બહુમાળી ઈમારતમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હતા. આ આગ ઈરાન સામેના અમેરિકાના યુદ્ધ સાથે જોડાયેલી હોવાના કોઈ સંકેત મળ્યા નથી. યુનાઈટેડ સ્ટેટ્સ સાથેનો અસ્થિર યુદ્ધવિરામ લગભગ ત્રણ અઠવાડિયાથી જળવાયેલો છે.

# અમેરિકામાં વિમાન લેન્ડિંગ પહેલા જ ટ્રેલર અને લાઈટ પોલ સાથે અથડાયું

**વિમાનમાં** સવાર 221 મુસાફરો અને 10 ક્રૂ મેમ્બર્સનો આબાદ બચાવ થયો, જ્યારે ટ્રક ડ્રાઈવરને સામાન્ય ઈજા પહોંચી




વોશિંગ્ટન, તા. 6: યુનાઈટેડ એરલાઈન્સના એક વિમાનનો ન્યૂઆર્ક લિબર્ટી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરાણ દરમિયાન વીજળીના થાંભલા અને ટ્રક સાથે અથડાવાનો ભયાનક વીડિયો સામે આવ્યો છે. ઈટાલીના વેનિસથી આવી રહેલી યુનાઈટેડ ફ્લાઈટ 169ના નીચેનો ભાગ અને ટાયર રવિવારે બપોરે 2:00 વાગ્યે ન્યૂ જર્સી ટર્નપાઈક પર એક બેકરીના માલસામાન ભરેલા ટ્રક અને થાંભલા સાથે અથડાયા હતા. આ ચોંકાવનારી ઘટના સમયે વિમાનમાં 221 મુસાફરો અને 10 ક્રૂ મેમ્બર્સ સવાર હતા.

વીડિયોમાં જોઈ શકાય છે કે લેન્ડિંગ સમયે વિમાન જમીનથી અત્યંત નીચે આવી ગયું હતું અને હાઈવે પર દોડતા વાહનોની એકદમ નજીક પહોંચી ગયું હતું. આ ટક્કરમાં વિમાનના ટાયર અને નીચેના ભાગને નુકસાન થયું હતું, જ્યારે ટ્રકનો વિન્ડસ્ક્રીન તૂટી ગયો હતો. જોકે, બોઈંગ 767-400 વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું અને કોઈ મુસાફરને ઈજા થઈ નથી. ટ્રક ડ્રાઈવરને સામાન્ય ઈજા થતા હોસ્પિટલ ખસેડાયો હતો. યુનાઈટેડ એરલાઈન્સે તપાસ શરૂ કરી ક્રૂ મેમ્બર્સને હાલ ફરજ પરથી હટાવ્યા છે. ટ્રાન્સપોર્ટેશન સેક્રેટરીએ આ ઘટનાને અસ્વીકાર્ય ગણાવી છે અને એનટીએસબી દ્વારા ફ્લાઈટ ડેટા રેકોર્ડર મેળવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સુવેન્દુ અધિકારી 10 દિવસમાં ખાલી કરશે એક બેઠક

**ઈ બેઠક** રાખીશ તે પક્ષ નક્કી કરશે



કોલકાતા, તા. ૬ (PTI) તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને ભવાનીપુરમાં હરાવનાર અને નંદીગ્રામમાં સતત ત્રીજી વખત જીત મેળવનાર ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ બુધવારે જણાવ્યું હતું કે, તેઓ ૧૦ દિવસમાં બેમાંથી એક મતવિસ્તાર ખાલી કરશે. અધિકારીએ એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેઓ કયો મતવિસ્તાર પોતાની પાસે રાખશે તેનો નિર્ણય પક્ષનું કેન્દ્રીય નેતૃત્વ કરશે. સુવેન્દુ અધિકારીએ કહ્યું હતું કે, "હું ૧૦ દિવસમાં એક બેઠક ખાલી કરીશ. હું કઈ બેઠક રાખીશ તે પક્ષ નક્કી કરશે. હું ભવાનીપુર અને નંદીગ્રામના લોકો પ્રત્યેની મારી જવાબદારી ભૂલીશ નહીં."

પશ્ચિમ બંગાળમાં ભાજપના જોરદાર ઉછાળા વચ્ચે અધિકારીએ સોમવારે ભવાનીપુરમાં બેનર્જીને ૧૫,૦૦૦થી વધુ મતોથી હરાવીને તેમનો સૌથી સુરક્ષિત રાજકીય ગઢ ગણાતા વિસ્તારમાં ગાબડું પાડ્યું હતું અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ને નિર્ણાયક મનોવૈજ્ઞાનિક ફટકો આપ્યો હતો. પૂર્વ મેદિનીપુર જિલ્લાના નંદીગ્રામમાં પક્ષના કાર્યકરો અને સમર્થકોને સંબોધતાં ભાજપના નેતાએ તેમને અત્યારે વિજય સરઘસ ન કાઢવા અને તેના બદલે શાંતિ જાળવવા અપીલ કરી હતી.

અધિકારીએ કાર્યકરોને કહ્યું કે, "અત્યારે વિજય રેલીઓ ન કાઢો. શાંતિ અને શિસ્ત જાળવો. ૯ મે પછી પરવાનગી લઈને ઉજવણી કરજો."

રાજ્ય ભાજપ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ બુધવારે જાહેરાત કરી હતી કે, નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૯ મેના રોજ બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. ટીએમસી શાસન દરમિયાન ભાજપના કાર્યકરો પર થયેલા કથિત હુમલાઓનો ઉલ્લેખ કરતાં અધિકારીએ કહ્યું કે તેઓ કાર્યકરોએ સહન કરેલા અત્યાચારો ભૂલશે નહીં અને કાયદાકીય પ્રક્રિયા દ્વારા ગુનેગારો સામે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.